નિર્મળ ગુજરાત　　　　　　　　　　　　　　　　　　　　　　નિરોગી બાળ વર્ષ

# મહેસાણા નગરપાલિકા,મહેસાણા

## વેરા વસુલાતનો ઈજારો આપવા બાબત.

મહેસાણા નગરપાલિકામાં સને ૨૦૦૮/૦૯ ના વર્ષ માટે પાછલી બાકી કરવેરાની વસુલાત ઝડપી કરવા માટે ઈજારો આપવાનો છે, તેથી રસ ધરાવતી એજન્સીઓએ નગરપાલિકા માં વેરા શાખા નો સંપર્ક કરી રૂા. ૨૫૦/– ટેન્ડર ફી ભરીને ટેન્ડર ફોર્મ મેળવી લેવાના રહેશે.

**ટેન્ડર કોપી મેળવવાની છેલ્લી તારીખ :– ૦૫/૦૯/૨૦૦૮**

**સ્વીકારવાની છેલ્લી તારીખ :– ૦૬/૦૯/૨૦૦૮ નકકી કરવામાં આવેલ છે.**

તા.૨૯/૦૮/૨૦૦૮

| | | |
|---|---|---|
| **(કે.એન.બારોટ)** | **(મીતાબેન બ્રહ્મભટ્ટ)** | **(ગીરીશ.આર.રાજગોર)** |
| **ટેક્ષ સુપ્રિ.** | **મુખ્ય અધિકારી** | **પ્રમુખ** |
| | | **મહેસાણા નગરપાલિકા** |

# ટેન્ડર ફોર્મ

કામનું નામ :– વેરા વસુલાત માટે ઈજારો આપવાનું કામ

ઈજારદાર નું નામ :–

સરનામું :–

<u>ટેન્ડર :–</u>

મહેસાણા નગરપાલિકા તરફથી બાકી વસુલાત માટે જે યાદી આપવામાં આવશે તે યાદી માં જણાવેલ કરબાકીની વસુલાત અમો વસુલાતના ............ ટકા કમીશન લઈને નગરપાલિકાએ નકકી કરેલ શરતો માન્ય રાખીને કરી આપીશું

તારીખ :–

ઈજારદારની સહી.

# મહેસાણા નગરપાલિકા, મહેસાણા

## -: શરતો :-

(૧) ટેન્ડર સાથે રૂા.૫૦૦૦/– અંકે રૂપિયા પાંચ હજાર પુરા રોકડા મહેસાણા નગરપાલિકામાં જમા કરાવવાના રહેશે. જે રકમ સપ્લાય ઓર્ડેર નીકળ્યા પછી બાકીની કંપનીઓને પરત કરવામાં આવશે. ડીપોઝીટ ઉપર કોઈપણ પ્રકારનું વ્યાજ મળવાપાત્ર નથી.

(૨) સપ્લાય ઓર્ડેર મળેલ કંપનીની ડીપોઝીટની રકમ સપ્લાય ઓર્ડેર મુજબનો માલ મળી ગયા પછી પરત કરવામાં આવશે.

(૩) સપ્લાય ઓર્ડેર પ્રમાણેનો માલ બધા જ કરવેરા સહિત ભાડા સહીત મહેસાણા નગરપાલિકા કચેરીમાં પહોંચાડવા સુધીના રહેશે. ભાવ ઓફર મોકલતી કંપની ત્રણ વર્ષથી પ્રિન્ટેડ સ્ટેશનરીના ધંધામાં અનુભવી હોવી જરૂરી છે. સપ્લાય ઓર્ડેર મળ્યા પછી માલ દિન–૧૦ માં પુરો પાડવાનો રહેશે.

(૪) ટેન્ડરમાં દર્શાવ્યા પ્રમાણેના સ્પેશીફીકેશન અને કવોલીટીના ટેન્ડર સ્વીકારવામાં આવશે.

(૫) ભાવ ઓફર આખી કે અડધી અગર અંશતઃ મંજુર કરવાનો સર્વે હકક નગરપાલિકાનો રહેશે. તથા કોઈ પણ કારણ દર્શાવ્યા સિવાય ટેન્ડર નામંજુર કરવાનો અધિકાર નગરપાલિકાનો રહેશે. શરતી ટેન્ડર નામંજુર કરવામાં આવશે.

(૬) સંતોષકારક રીતે માલ મળ્યા પછી જ પેમેન્ટ ચેકથી કરવામાં આવશે.

(૭) ટેન્ડરમાં દર્શાવ્યા પ્રમાણેની વિગતોમાં કંપની નો સેલ્સટેક્ષ નંબર, ઈન્કમટેક્ષ નંબર ભરવો જરૂરી છે તથા તેની કોપી ટેન્ડર સાથે જોડવાની રહેશે. અધુરી તથા ખુટતી વિગતો વાળુ ટેન્ડર રદ બાતલ ગણાશે.

(૮) પ્રિન્ટેડ સ્ટેશનરીનું ફોર્મેટ નગરપાલિકા પુરૂ પાડશે જે પ્રોગ્રામીંગ સોફટવેરને અનુરૂપ પ્રિન્ટ કરી આપવુ પડશે.

(૯) ટેન્ડર ભરતી કંપની પોતે સ્ટેશનરી મેન્યુફેકચરીંગ અને સાથે પ્રિન્ટીંગ કરતી કંપની હશે તો પહેલો પ્રેફરન્સ તેવી કંપનીને આપવામાં આવશે.

(૧૦) સ્ટેશનરીનો કાગળ અને પ્રીન્ટીગ બન્ને મહેસાણા નગરપાલિકાની જરૂરીયાત મુજબનું જ હોવું જોઈશે. કોઈપણ ખામી જણાશે તો તે ઓર્ડેર કેન્સલ કરી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે તથા માલનું પેમેન્ટ કરવામાં આવશે નહી.

(૧૧) ટેન્ડર પાર્ટીએ ટેન્ડરની સાથે મહેસાણા નગરપાલિકાના ટેક્ષ વિભાગના બિલ તથા પહોંચનો નમૂનો ૭૦ .એસ.એમ. વ્હાઈટ બેલ્લારપુર પેપરમાં કલર પ્રીન્ટીગ સાથે સામેલ કરેલ હોવા જોઈશે બિલ એ/૪ સાઈઝના પેપરમાં તથા પાવતી 8½ '× 7' ની સાઈઝના પેપરમાં પ્રિન્ટ કરવાના રહેશે.

(૧૨) આ ટેન્ડરમાં ભાવ પત્રકની સમય મર્યાદા ૯૦ દિવસની રહેશે.

(૧૩) સીલ્ડ ટેન્ડર "ચીફ ઓફિસરશ્રી,મહેસાણા નગરપાલિકા,મહેસાણા" ના નામે તા.૧૬/૦૫/૦૯ સમય સાંજે ૪.૦૦ વાગ્યા સુધી વેરા વિભાગમાં પહોંચતા કરવાના રહેશે. મોડા પડેલા ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

(૧૪) નગરપાલિકાના બિલો તથા પાવતીઓ સ્પોન્સર કરનાર સ્પોન્સરરની વિગત નગરપાલિકા નક્કી કરે તે રીતે છાપવાની રહેશે.

ઉપરની તમામ શરતો અમોએ વાંચી છે જે અમોને બંધન કર્તા છે.

**તારીખ :-**

**સ્થળ :-**

**સહી :-**

**સીક્કો :-**

# -: એગ્રીમેન્ટ :-

આથી અમો નીચે સહી કરનાર બીજા પક્ષકાર નીચે મુજબનો સંમતિ કરાર મહેસાણા નગરપાલિકાની કરવેરાની પાછલી બાકીની વસુલાત માટે કરીએ છીએ.

**પ્રથમ પક્ષકાર :–** મહેસાણા નગરપાલિકા

**બીજા પક્ષકાર :–** મેસર્સ એસ.આર.ચૌધરી એન્ડ કું. મહેસાણા

આથી અમો બીજા પક્ષકારને મહેસાણા નગરપાલિકાના કરવેરાની પાછલી બાકી વસુલાત કરવાનો ઈજારો મળેલ છે. તે કામે અમો જણાવેલ શરતો મુજબ કામગીરી કરવા સંમત છીએ.

(૧) નગરપાલિકા તરફથી જે યાદી પુરી પાડવામાં આવે તે યાદીમાં જણાવેલ મિલ્કતોની જ પાછલી બાકી વસુલાત કરવાની છે અને આ રકમ જ આ કામગીરી માટે ગણતરીમાં લેવામાં આવશે.

(૨) વસુલાતનો લક્ષાંક દર માસે રૂ.૧૫ લાખનો રહેશે. લક્ષાંક કરતાં ઓછી વસુલાત થશે તો કમિશન ½ % ઓછુ આપવામાં આવશે.

(૩) વસુલ કરવાની પાછલી બાકી ની રકમ મહેસાણા નગરપાલિકાના નામનો "એકાઉન્ટ પેઈઝ" ચેક દ્વારા જ વસુલાત કરવાની રહેશે. કોઈ પણ સંજોગોમાં રોકડ રકમ સ્વીકારવાની નથી.

(૪) વસુલાત માટે નળ કનેકશન, ડ્રેનેજ કનેકશન વિગેરે કાપવાના થાય તો મુખ્ય અધિકારીશ્રી ની પરવાનગી મેળવીને ઈજારદારે પોતાના સ્ટાફ દ્વારા આવા કનેકશનનો કાપવાના રહેશે તથા કનેકશન કાપ્યા બાદ નગરપાલિકામાં તે અંગે જાણ કરવાની રહેશે.

(૫) ઈજારદારે નાગરિકો સાથે અસભ્ય વર્તન કરવુ નહી તથા વેરા વસુલાત દરમ્યાન કોઈ વિવાદ ઉત્પન્ન થાય તો તેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે.

(૬) ઈજારદારે એગ્રીમેન્ટ સાથે રૂ.૧,૦૦,૦૦૦/– (રૂપિયા એક લાખ પુરા) ડીપોઝીટ તરીકે રોકડા જમા કરાવવાની રહેશે.

(૭) ઈજારાની મુદત તા.૩૧/૩/૨૦૦૯ સુધીની રહેશે તથા આ મુદતમાં પ્રમુખશ્રી ઈચ્છે તો વધારો કરી શકશે તથા વધુમાં વધુ ૨ વર્ષ સુધી આવો વધારો કરી શકાશે.

(૮) વસુલાતની રકમ ઉપર કમિશન મેળવવા માટે દરેક માસ પુરો થાય બાદ ઈજારદારે બિલ રજુ કરવાનું રહેશે.

(૯) ઈજારાના અમલ દરમ્યાન કોઈ પણ શરતમાં ફેરફાર કરવા યોગ્ય લાગે તો તે પ્રમુખશ્રી કરાવી શકશે અને અને ઈજારદાર તે પ્રમાણે ફેરફાર સ્વીકારવા બંધાયેલા રહેશે.

(૧૦) ઈજારા દરમ્યાન ઈજારદારે કામે રાખેલ માણસોને કામે કરતાં કંઈ ઈજા, નુકશાન, જોખમ વિગેરે થશે તો તે માટે ઈજારદાર જવાબદાર ગણાશે, મ્યુનિસિપાલીટીની તેમાં કંઈ જ જવાબદારી રહેશે નહી.

(૧૧) ઈજારદારે કામે રાખેલા માણસો માટે લાગુ પડતા તમામ લેબર કાયદા અને અન્ય તમામ કાયદાનું પાલન ઈજારદારે કરવાનું રહેશે નગરપાલિકાની તે માટે કોઈ જ જવાબદારી રહેશે નહી.

(૧૨) ઈજારદારને મળવા પાત્ર દરેક બિલના પેમેન્ટમાંથી પ્રવર્તમાન નિયમો મુજબ ઈન્કમટેક્ષ, વ્યવસાય વેરો કે અન્ય વેરાની કરવા પાત્ર કપાત કર્યા બાદ બાકી રહેલી રકમ ચૂકવવામાં આવશે.

ઉપરોક્ત શરતો અમોને કબુલ મંજુર છે.

**તારીખ :-** **ઈજારદારની સહી :-**

**રૂબરૂ**

**મુખ્ય અધિકારી**
**મહેસાણા નગરપાલિકા**